

# જ્ઞાન અને અભ્યાસક્રમ

જ્ઞાનના સ્ત્રોત  તરીકે શિક્ષણ નો અભ્યાસક્રમ :

- શિક્ષણ જ્યારે જ્ઞાનનો સ્ત્રોત હોય ત્યારે તે અંતર્ગત

  ભાષાઓ, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ગણિત, શારીરિક શિક્ષણ, રમત- ગમત, યોગ વગેરે જેવા વિષયો માધ્યમિક કક્ષા સુધી.

- જ્યારે ઉચ્ચતર માધ્યમિક અને કોલેજ કક્ષાએ વિદ્યાર્થીએ પસંદ કરેલ વિશિષ્ટ ક્ષેત્રના વિષયો જેવા કે

  રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવશાસ્ત્ર વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.



# શિક્ષણ દ્વારા પ્રાપ્ત જ્ઞાનનું મહત્વ :

- ૧.વિષયવસ્તુ નું જ્ઞાન :
- ગુજરાતી ,ગણિત, વિજ્ઞાન, હિન્દી, ચિત્રકલા, સામાજિક વિજ્ઞાન, શારીરિક શિક્ષણ, સંસ્કૃત વગેરે જેવા વિષયોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.
- ૨. વિચાર શક્તિનો વિકાસ :
- વર્ગખંડમાં ચાલતી વિવિધ વિષયોની અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન  વિદ્યાર્થીઓની  વિચાર કરવાની શક્તિનો વિકાસ થાય છે.
- ૩.સામાજિક વિજ્ઞાનનો વિકાસ :
- "શાળાએ સમાજની લઘુ આવૃતિ છે."  શાળામાં બાળક સામાજિક કૌશલ્યો વિકસાવે છે અને અનુકૂલનના પાઠ શીખે છે.
- ૪. સાંવેગિક જ્ઞાનનો વિકાસ:
- ભાષાના વિષયો, શાળાજીવનમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ વગેરે જેવા અનુભવો થકી વિદ્યાર્થીના સાંવેગિક જ્ઞાનનો વિકાસ થાય છે.
- ૫. મૂલ્યોનો વિકાસ:
- શિક્ષણ દ્વારા સામાજિક, સાંસ્કૃતિક અને માનવીય મૂલ્યોનો વિકાસ થાય છે.
- ૬. મનોશારીરિક વિકાસ:
- યોગ, રમત- ગમત, કલા જેવી પ્રવૃત્તિઓ થકી મનોશારીરિક બાબતોનો વિકાસ થઈ શકે છે.
- શિક્ષણ એ જ્ઞાનનો અનેરો સ્ત્રોત છે.



# ૨.જ્ઞાનનો સ્રોત - પારિસ્થિતિક

- અર્થ:
- જ્ઞાનના સ્રોત તરીકે જ્યારે પરિસ્થિતિને લઈએ ત્યારે ઉદ્ભવેલ જ્ઞાનને પરિસ્થિતિજન્ય અથવા પારિસ્થિતિક જ્ઞાન તરીકે ઓળખી શકાય. પરિસ્થિતિ વર્ગખંડમાં પણ જન્મી શકે અને વર્ગખંડ બહાર પણ. આમ પરિસ્થિતિજન્ય જ્ઞાન ઔપચારિક અને અનૌપચારિક એમ બંને પ્રકારની વ્યવસ્થામાંથી ઉદ્ભવી શકે છે.
- શાળા બહારના અનુભવો શૈક્ષણિક અનુભવ કરતા વધારે વિશાળ હોય છે .
- ખરું ઘડતર અનૌપચારિક અનુભવ થકી થાય છે.
- પરિસ્થિતિ વ્યક્તિને જીવન જીવવા માટેનું જ્ઞાન પૂરું પાડે છે. પારિસ્થિતિક જ્ઞાન એટલે એવું જ્ઞાન કે તે વ્યક્તિની અન્ય વ્યક્તિ કે પર્યાવરણ સાથેની આંતરક્રિયા દરમિયાન તૈયાર થયેલ હોય જ્ઞાનપ્રાપ્તિનો આ ખૂબ મહત્વનો સ્રોત છે. ડહાપણ એ પરિસ્થિતિમાંથી પસાર થયા બાદની નીપજ છે.



# જ્ઞાનના સ્રોત  તરીકે પરિસ્થિતિના લક્ષણો:

- ૧. જ્ઞાનપ્રાપ્તિ ના હેતુઓ:
- - તે બિન હેતુપૂર્વક ચાલતી જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયા છે.
- - જ્ઞાનપ્રાપ્તિના ચોક્કસ ધ્યેયો હોતા નથી.
- ૨. જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયા:
- - જ્ઞાતા અને જ્ઞેય  પ્રત્યક્ષ રીતે એકબીજાના સંપર્કમાં આવે છે.
- - પરિસ્થિતિ દ્વારા થતી જ્ઞાનપ્રાપ્તિ આનુભવિક હોય છે.
- - જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયામાં ફરજિયાત જોડાવું પડે છે તેમાંથી છટકી શકાતું નથી અને છટકી શકો તો પણ જે તે પરિસ્થિતિ જ્ઞાનનો નવો અનુભવ પૂરો પાડી જાય છે.
- - પ્રાપ્ત જ્ઞાન પર રસ, રુચિ, વલણ, અભિયોગ્યતા વગેરેની અસર જોવા મળે છે.
- - જ્ઞાનના અભાવમાં પરિસ્થિતિનો અનુભવ અર્થહીન બની જાય છે.
- - જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયા એ અનૌપચારિક સ્વરૂપની હોય છે.
- ૩. જ્ઞાન પ્રાપ્તિ ના સાધનો:
- - વ્યક્તિ પોતે
- - અન્ય લોકો અને
- - પર્યાવરણ.



# જ્ઞાનના સ્ત્રોત તરીકે પરિસ્થિતિના લક્ષણો :

- ૪. જ્ઞાનની ચકાસણી:
- - પ્રાપ્ત જ્ઞાનની ચકાસણી કે મૂલ્યાંકન કરવામાં આવતું નથી.
- - પ્રાપ્ત જ્ઞાન વ્યક્તિગત હોવાથી તે તુલનાત્મક હોતું નથી.
- - પ્રાપ્ત જ્ઞાનનાં મૂલ્યાંકન તે પ્રકારની પરિસ્થિતિના પુનરાવર્તન દરમિયાન થતા વર્તન પરથી કરી શકાય છે.
- - પ્રાપ્ત જ્ઞાનને યાદ રાખવું જરૂરી નથી.
- - પ્રાપ્ત જ્ઞાનનું જરૂર પડતાં નિદર્શન કરવું જરૂરી નથી.
- - પ્રાપ્ત થતા જ્ઞાનની ચકાસણી માટેના ચોક્કસ માપદંડો હોતા નથી.

- ૫. જ્ઞાન પ્રાપ્તિની નીપજ:
- - જ્ઞાનપ્રાપ્તિ અલ્પ તેમજ દીર્ઘકાલીન હોય છે.
- - પ્રાપ્ત જ્ઞાન ઉપયોગીતાલક્ષી મૂલ્ય ધરાવે તે જરૂરી નથી.
- - પ્રાપ્ત જ્ઞાન વિવિધ સામાજિક, બૌદ્ધિક તેમજ ભાવાત્મક કૌશલ્યનો વિકાસ કરે છે.
- - ‘ અનુભવ શ્રેષ્ઠ શિક્ષક છે ’- આ અર્થમાં પરિસ્થિતિ દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન એ ઔપચારિક શિક્ષણના જ્ઞાનની સફળતા કે ઉપયોગ માટે જરૂરી છે.
- - જ્ઞાનમાંથી ડહાપણ તરફ આગળ વધવામાં અનુભવ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.



# જ્ઞાનના સ્ત્રોત તરીકે પરિસ્થિતિના લક્ષણો :

- ૬. પ્રાપ્ત જ્ઞાનનું સ્વરૂપ:
- જ્ઞાન નિર્માણ વ્યક્તિગત અને અંતર્નિહિત હોય છે.
- જ્ઞાન પ્રાપ્તિ વૈવિધ્યપૂર્ણ હોય છે.
- જ્ઞાનપ્રાપ્તિ મહદંશે સામાજિક અને ભાવાત્મક સ્વરૂપની હોય છે.
- જ્ઞાન એ સામાજિક,  સાહિત્યિક , વિષયાત્મક, સંખ્યાત્મક તેમજ  સૌન્દર્યાત્મક  જેવા વિવિધ સ્વરૂપનું હોય છે.
- પ્રાપ્ત થતું જ્ઞાન વ્યક્તિગત અને મર્યાદિત સ્વરૂપનું રહે છે.
- પ્રાપ્ત થતું જ્ઞાન સાંદર્ભિક હોય છે
- પારિસ્થિતિક જ્ઞાનની પ્રમાણભૂતતા મર્યાદિત હોય છે.



# પારિસ્થિતિક જ્ઞાનના ઘટકો :

- વિલિયમ રેન્કિનના મતે પારિસ્થિતિક જ્ઞાનના મુખ્ય ચાર ઘટકો હોય છે.

 ૧. વિષય વસ્તુ:

- જે તે ઘટનાનું વિષયવસ્તુ પારિસ્થિતિક જ્ઞાનનું મુખ્ય ઘટક છે જેમકે
- ભોજન કરવા માટે બહાર ગયા હોય તો ભોજન એ વિષયવસ્તુ છે
- ફિલ્મ જોવા ગયા હોય તો ફિલ્મ મુખ્ય વિષયવસ્તુ છે .
- ૨. સંદર્ભ:
- જે તે પરિસ્થિતિનો સંદર્ભ એટલે પર્યાવરણ અને તેમાં સમાવિષ્ટ મૂલ્યો.
- જેમકે
- તમે જ્યારે ભોજન માટે સગા સંબંધીઓ સાથે બહાર જાવ ત્યારે સંદર્ભ બદલાય છે.આ જ ભોજન મિત્રો સાથે લઈએ છીએ ત્યારે સંદર્ભ બદલાય છે બંને પરિસ્થિતિમાં હોટલ એક જ હોય પર્યાવરણ એક જ હોય પરંતુ સંદર્ભ બદલાયેલ હોવાથી જ્ઞાન અને અનુભૂતિ બદલાય છે.
- આથી વિપરીત,
- અનાથાશ્રમમાં ભોજન કરાવવા ગયા હોય તો  વિષયવસ્તુ તો ભોજન જ છે પરંતુ તેમાં સામાજિક સેવાનું મૂલ્ય પણ ઉમેરાતું હોવાથી થતી અનુભૂતિ વિશિષ્ટ હોય છે. આમ સંદર્ભ એક જ પરિસ્થિતિમાં જ્ઞાનનું સ્વરૂપ બદલી નાખે છે પરિસ્થિતિનો સંદર્ભ મહદંશે મનોવિજ્ઞાન સાથે સંકળાયેલ છે.સંદર્ભ પરિસ્થિતિ તરફ તમારો જોવાનો દૃષ્ટિકોણ નક્કી કરે છે.



# પારિસ્થિતિક જ્ઞાનના ઘટકો :

- ૩. સમુદાય:
-  આ પરિસ્થિતિમાં સમાવિષ્ટ લોકો જ્ઞાન નિર્માણની નીપજ પર અસર કરે છે વર્ગખંડમાં જે કાવ્ય શીખીએ છે તે જ કાવ્ય અન્ય શિક્ષક દ્વારા શીખવવામાં આવે તો જ્ઞાન નિર્માણ ભિન્ન રીતે થાય છે પરિસ્થિતિ વર્ગખંડમાં શીખવાની જ છે પરંતુ સમુદાયના લોકો બદલાવાથી જ્ઞાન પર અસર જોવા મળે છે સમુદાય તમારા વિચારોને વહેંચવાની તક આપે છે
- ૪. સહભાગિતા:
-  પરિસ્થિતિ સાથે તમે કેટલા જોડાયેલા છો તે પણ જ્ઞાન પર અસર કરે છે તમારા દુરના સંબંધીના લગ્ન હોય અને તમારા ખૂબ જ નજીકના ભાઈ કે બહેનનું લગ્ન હોય તો બંનેમાં  તમારી સહભાગિતા બદલાય છે. જે કિસ્સામાં સહભાગિતા વધુ હોય ત્યાં જ્ઞાન નિર્માણનું પ્રમાણ અને આયુષ્ય દીર્ઘકાલીન હોઈ શકે છે વર્ગખંડમાં વધારે સહભાગિતા ધરાવનાર વિદ્યાર્થી  પ્રશ્નો પૂછશે, સમસ્યા અનુભવશે, જોડાશે વિચારોનું આદાન પ્રદાન કરશે અને પરિણામે તેમાંથી પ્રાપ્ત થતા જ્ઞાન પર તેની સહભાગિતા ની અસર થશે.

પારિસ્થિતિક જ્ઞાનનું મહત્વ:

- સમસ્યા ઉકેલની પ્રક્રિયા દરમિયાન સૈદ્ધાંતિક જ્ઞાન કરતા પરિસ્થિતિજન્ય જ્ઞાન વધારે ઉપયોગી સાબિત થાય છે કેટલીક બાબતો ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા થકી શીખવી શકાતી નથી આ બાબતોનો પ્રત્યક્ષ અનુભવ જ તેનું ખરું જ્ઞાન આપે છે.
-  દા.ત.
-  સ્વિમિંગ
-  આલ્બર્ટ આઈન્સ્ટાઈન ના મતે- “અનુભવ એ જ્ઞાન છે જ્યારે બાકી બધી માહિતી છે.”
- પારિસ્થિતિક જ્ઞાન વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસમાં મહત્વનો ફાળો આપે છે.
- સમસ્યા ઉકેલની પ્રક્રિયા દરમિયાન  સૈધ્ધાન્તિક જ્ઞાન કરતા પારિસ્થિતિક જ્ઞાન વધારે ઉપયોગી સાબિત થાય છે.

